**રેગ્યુલર દિવાની અપીલ નંબર– ૨૩/૨૦૧૯ ના કામે**
**આંક–૧ નીચે હુકમ**

-----------------------------------------------------

સદર કામનું રેકર્ડ લક્ષમાં લેતા રીસ્પો. નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા તા.૧૧/૮/૨૦૨૩ ના રોજ આંક–૩૭ થી પુરસીસ રજુ કરેલ છે અને આ કામના રીસ્પો. નં. ૧ અનીલભાઈ છોટુભાઈ વશી તા. ૧૦/૦૫/૨૦૨૩ ના રોજ અવસાન પામેલ છે તેવી જાહેરાત કરેલ છે તેથી સદર કામ રીસ્પો. નં. ૧ નો મરણનો દાખલો રજુ કરવા તથા તેમના વારસો રેકર્ડ ઉપર લાવવા માટે ચાલી આવેલ છે, પરંતુ એપેલન્ટ તર્ફે રીસ્પો. નં. ૧ નો મરણનો દાખલો રજુ થયેલ નથી કે તેમના વારસો રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

સદર કામનું રોજકામ ધ્યાને લેતા એપેલન્ટને રીસ્પો નં.૧ ના વારસો રેકર્ડ પર લાવવા માટે તા.૨૯/૦૯/૨૩, તા. ૨૭/૧૦/૨૦૨૩, તા.૧/૧૨/૨૦૨૩, તા. ૧૯/૦૧/૨૦૨૪ તથા તા. ૨૩/૨/૨૦૨૪ ની ઠરાવ તારીખ મળી કુલ–૫ તક આપવામાં આવેલ તેમ છતા એપેલન્ટ તર્ફે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ મુદત અરજી રજુ કરેલ નથી કે રીસ્પો. નં. ૧ ના વારસોને રેકર્ડ પર લાવવા માં આવેલ નથી. ત્યાર બાદ તેમને આજરોજ એટલે કે તા. ૨૯/૩/૨૦૨૪ ના રોજ રીસ્પો. નં. ૧ ના વારસો રેકર્ડ ઉપર લાવવાની તક આપવામાં આવેલ. આજરોજ પણ એપેલન્ટનો વારંવાર પોકાર કરવા છતા એપેલન્ટ કે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર થયેલ નથી કે તેમના તરફે કોઈ મુદત અરજી રજુ થયેલ નથી કે રીસ્પો. નં. ૧ ના વારસો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આમ, એપેલન્ટ દ્વારા હાલની અપીલ આગળ ચલાવવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ ન હોય તેમને અપીલ ચલાવવામાં કોઈ રસ નથી તેવુ જણાય આવે છે. સદર કામ સને–૨૦૧૯ ના વર્ષનું છે અને રોજકામ ધ્યાને લેતા ઘણા લાંબા સમયથી એપેલન્ટ કે તેમના વિ.વ.શ્રી હાલના કામે હાજર થયેલ નથી. કોર્ટમાં પડતર પેન્ડીંગ કેસોની સંખ્યા જોતા કોર્ટનો કિંમતી સમય બગડતો હોય તેથી

આવા પ્રકારના કેસો ડિસમિસ થવાને પાત્ર હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

હાલની અપીલ એપેલન્ટની ગેરહાજરીના કારણે રદબાતલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.૨૯ મી માહે માર્ચ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : નવસારી
તારીખ : ૨૯/૦૩/૨૦૨૩

**(પ્રિત કમલ તીરથ રામ)**
થર્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,નવસારી.
(કોડ નં. જીજે૦૧૫૯૪)